અપીલ અરજી નં.૩૧૧ તા. ૩–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કલા મહેન્દ્રકુમાર શ્રોફ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કલા મહેન્દ્રકુમાર શ્રોફની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી ૧/૧૩૦૮, એ/ર પૈકી જ્ઞાનદીપ કો.ઓ.હા.સો.લી. કાદરશાહની નાળ, નાનપુરામાં આવેલી મિલ્કતમાં પાર્કીગની જગ્યામાં બાંધકામ કયારે થયેલું છે તેની મંજુર પ્લાન સાથેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૧/૨૦૧૦–૧૧

શ્રી કલા મહેન્દ્રકુમાર શ્રોફની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી ૧/૧૩૦૮, એ/ર પૈકી જ્ઞાનદીપ કો.ઓ.હા.સો.લી. કાદરશાહની નાળ, નાનપુરામાં આવેલી મિલ્કતમાં પાર્કીગની જગ્યામાં બાંધકામ કયારે થયેલું છે તેની મંજુર પ્લાન સાથેની માહિતી આપવા બાબતે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૨૪ તા.૨૩–૧૨–૧૦ ના પત્રથી જવાબ સંતોષકારક ન હોવાને કારણે એપેલેટ ઓફિસરને તા.૩–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પણ જણાવેલ. વધુમાં તેમણે આપેલ પ્રત્યુત્તર ''રેકર્ડ ચકાસતાં મળી આવેલ નથી'' તેના અનુસંધાને બાંધકામ રજીસ્ટરે તેવી કોઈ વિગતો ઉપલબ્ધ છે કે કેમ? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧૪૪ તા.૭–૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને તથા અરજદારને અપીલ અરજીમાં કે અપીલ અરજી સાથે મુળ અરજીની નકલ, ફી ની વિગત તથા મળેલ માહિતીની વિગતો સામેલ ન હોઈ તે રજુ કરવા તથા વધુમાં માંગેલ પૈકી કઈ માહિતી અધૂરી છે? અને કયા સંદર્ભમાં તે સ્પષ્ટ કરવા સાથે જો તે અંગે તેઓની કક્ષાએ કોઈ આધાર હોય તો તે પણ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૮૪ તા.૨૦–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૨૪ તા.૨૩–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૮–૧–૧૧ નો પત્ર મળેલ છે જેની સાથે અરજદારે મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારીએ તા.૨૩–૧૨–૧૦ થી આપેલ માહિતી અંગેનો પત્ર રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી ૧/૧૩૦૮, એ/ર પૈકી જ્ઞાનદીપ કો.ઓ.હા.સો.લી. કાદરશાહની નાળ, નાનપુરામાં આવેલી મિલ્કતમાં પાર્કીગની જગ્યામાં બાંધકામ કયારે થયેલું છે તેની મંજુર પ્લાન સાથેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૨૪ તા.૨૩–૧૨–૧૦ થી ૧/૧૩૦૮ , એ/ર પૈકી જ્ઞાનદીપ કો.ઓ. હા.સો.લિ. નાનપુરામાં આવેલી મિલકતે આપે માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં મળી આવેલ નથી ''તેવી માહિતી આપવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે જાહેર માહિતી અધિકારીના તા.૨૩–૧૨–૧૦ થી મળેલા પ્રતિભાવથી જવાબ સંતોષકારક ન હોવાના કારણે તા.૩–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના સંદર્ભે અત્રેથી તા.૭–૧–૧૧ ના રોજ અપીલ અરજીમાં કે અપીલ અરજી સાથે મુળ અરજીની નકલ, ફી ની વિગત તથા મળેલ માહિતીની વિગતો સામેલ ન હોઈ તે રજુ કરવા તથા વધુમાં માંગેલ પૈકી કઈ માહિતી અધૂરી છે? અને કયા સંદર્ભમાં તે સ્પષ્ટ કરવા સાથે જો તે અંગે તેઓની કક્ષાએ કોઈ આધાર હોય તો તે પણ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે અપીલમાં કરેલ રજૂઆત અપૂરતી હોવા અંગેની કોઈ વિગતો રજૂ કરેલ નથી.પરંતુ તેમના તા.૧૮–૧–૧૧ ના પૂરક પત્રથી એવી રજૂઆત કરેલ છે કે અપીલના નમુના જ માં મુળ અરજી કે ફી ની વિગત રજૂ કરવાની જોગવાઈ નથી. તેમ છતાં વિલંબ કરવાના ઈરાદાથી તે માંગેલ છે. આ અંગે અરજદારે રજૂ કરેલ ફોર્મ–જ ચકાસતાં એ બાબત ઉલ્લેખનીય છે કે અરજદારે નમુના–જ માં મુળ માંગેલ માહિતીની વિગતોના ક્રમ નં.૩ માં કોઈ વિગતો જણાવેલ નથી. ક્રમ નં.૬ અપીલના કારણો તથા ૬(ગ) માં અપીલના આધારમાં માત્ર ''અપૂરતી માહિતી હોવાને કારણે અમોને રૂબરૂ સાંભળવા '' તેટલી જ વિગતો આપેલ છે જે અપીલીય કાર્યવાહી કરી સમય મર્યાદામાં અપીલનો નિકાલ કરવા પર્યાપ્ત નથી. નમુના–જ ના ક્રમ નં.૪,૫ અને ૭ અનુક્રમે નમુના–ક માં અરજી રજૂ કર્યા તારીખ ૩૦ દિન પૂર્ણ થતી તારીખ તથા અપીલ દાખલ કરવાની છેલ્લી તારીખની ખરાઈ અર્થે પણ કલમ–૭(૩) સાથે ૭(૬) ની જોગવાઈ ધ્યાને લેતાં ખરાઈ કરી યોગ્ય હુકમ અર્થે ફી ની વિગત પણ અનિવાર્ય થઈ પડે છે અને તે હેતુથી જ બંને પક્ષકારો કક્ષાએથી તે અપીલ તબકકે માંગવામાં આવેલ તેથી આ મુદ્દા અંગે અરજદારની વિલંબિત નીતિનો આક્ષેપ સુસંગત નથી. એ પણ સૂચક છે કે અપીલનો નિકાલ કલમ–૧૯(૬) થી ઠરાવેલ સમય અવધિમાં

થયેલ છે. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૦૩ તા. ૨૧–૧–૧૧ થી તા.૨૭–૧–૧૧ ના રોજ સાંજે ૪.૧૫ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર તરફે કલાબેન વતી તેમના પતિ મહેન્ભાઈ શ્રોફ હાજર રહેલ અને તેઓએ વેરા રજીસ્ટર મુજબ ચકાસણી કરીને આ અંગેની માહિતી પૂરી પાડી હોત. તેવી રજૂઆત કરેલ. તથા અરજદારે અગાઉ આ મિલ્કત બાબતે આપેલ માહિતી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૧ તા.૧૫–૫–૦૯ અને સે.ઝોન/ આરટીઆઈ/૧૭૬૨ તા.૮–૩–૧૦ ની નકલ રજૂ કરેલ છે તથા અગાઉની અપીલ નં.૪૪૭/૦૯–૧૦ ના હુકમની નકલ રજૂ કરેલ છે. અરજદારે ગુ.હા.ફા.કો. ની લોન ભરપાઈ કરેલ અને સદર બિલ્ડીંગમાં વિ–૧ ૧૯૭૨ અને વિ–૨ ૧૯૭૫ માં કબ્જા સોંપાયેલ અને તે સમયના સભ્યોના લીસ્ટની યાદી રજૂ કરેલ છે. તથા ૨૦૦૫ થી ૨૦૦૯ સુધીના લાઈટબીલની વિગતો આપેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન હાજર રહેલ. તેઓ તરફથી ટેક્ષ રેકર્ડ ઉપર અગાઉ અરજદારના પ્રતિનિધિની આરટીઆઈ હેઠળની અરજીના તબકકે તથા હાલની અરજી સંદર્ભે મહાપાલિકા તરફથી લેવામાં આવતાં પ્રોપર્ટીટેક્ષ અંગે ચકાસણી કરેલ નથી. કારણકે તેમની માંગણી પ્લાન બાબતની માંગણી હતી. જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૮૪ તા.૨૦–૧–૧૧ થી પાઠવેલ છે તે સિવાય કોઈ વધારાની રજૂઆત નથી. '' તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ તેમના સદર પત્રથી સદર મિલ્કતમાં ૧/૧૩૦૮, એ/૨ પૈકી જ્ઞાનદીપ કો.ઓ.હા.સો. વાળી મિલકતે પાર્કીગવાળી જગ્યામાં કયારે બાંધકામ થયું તે અંગે સેન્ટ્રલઝોન ખાતે રાખવામાં આવતાં પ્લાન મંજુરીના રજીસ્ટરો તથા ગેરકાયદેસર બાંધકામ અંગે આપેલી નોટીસોના રજીસ્ટરો ચકાસતાં માંગ્યા મુજબની માહિતી મળી આવેલ નથી. તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ માંગવામાં આવેલી માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગતો આપવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો લાગત પ્લાન મંજુરીના રજીસ્ટરો તેમજ ગેરકાયદેસર બાંધકામના નોટીસ રજીસ્ટરોનું જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં ઈન્સ્પેકશન કરી લાગત માહિતીની ખરાઈ કરી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકાર (સેન્ટ્રલઝોન).....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કલા મહેન્દ્રકુમાર શ્રોફ,